Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-5, Continuous Issue-35, January - February 2026

# આજના સંદર્ભે - આજની વાર્તા

-ડૉ. અમિતકુમાર રામજીભાઇ ગામી

સાંપ્રત સમયમાં ગઝલ, ગીત, વાર્તા, નવલકથા, નિબંધનો જુવાળ ફાટી નીકળ્યો હોય, એવા સમયમાં રાજુલ ભાનુશાલી ‘કણકી’ નામનો ૭૨ માઇક્રોફિક્શન વાર્તાઓનો સંગ્રહ લઈને આવે છે. જે સાહિત્યની ૭૨ હૂર છે અને વાંચવા માટે લલચાવે છે. નવભારત સાહિત્ય મંદિર આ સંગ્રહ નવેમ્બર, ૨૦૨૩માં પ્રકાશિત કરે છે. રાજુલબેન અર્પણમાં જ લખે છે “સ્ત્રીની અંદર કોકડું વળીને પડેલી હિંમતને”(પૃ. ૩) જે આપણને આ ૭૨ ટચૂકડી વાર્તાઓના વિષય તરફ અંગુલીનિર્દેશ કરે છે. ‘‘કણકી’ના પ્રાગટ્યની ક્ષણે...’માં તેમણે કેટલાક સ્મરણો અને તેમનું આ સર્જન કેવી રીતે થયું? તેની વાત માંડી છે. જેમાં તેઓ કહે છે, “આળસુની પીર રાજુલ”(પૃ. ૪) મને એ સમજ નથી પડતી કે મોટાભાગના સ્ત્રી સર્જકો કેમ પોતાને ‘આળસુ’ ગણાવવા આટલા ઉત્સાહી છે! હજું તો આ એમનું પ્રથમ પુસ્તક છે.

આ સંગ્રહમાં બે વાર્તા એવી મળે છે, જેમાં લોકબોલીનો પ્રયોગ થયો હોય, ‘લીલુંછમ્મ પડીકું’ અને ‘તૃપ્તિ’. ‘લીલુંછમ્મ પડીકું’ શીર્ષક પ્રથમ દૃષ્ટિએ પ્રતીક જણાય પણ સંપૂર્ણ વાર્તામાંથી પસાર થતાં અંતે ઘટસ્ફોટ થાય. વાર્તામાં એક ગ્રામ્ય તળપદી બોલી અને બીજી શિષ્ટમાન્ય ગુજરાતી ભાષાનો પ્રયોગ ધ્યાન ખેંચે છે. વાર્તામાં વચ્ચે તો થયું, હમણાં વર્તમાનમાંથી ફ્લેશબેકમાં જતા રહેશે. પણ એ ટાળી ફુલવાળી સ્ત્રીની વેદના-સંવેદના આલેખી છે. અંતે સામાન્ય માણસ કેવી નાની-નાની વાતમાં ખુશ હોય છે! એનું વર્ણન કરી, નાયિકાના હાથમાં ગજરાનું લીલુંછમ્મ પડીકું ને તેની સામે જોયા કરવું. ત્યાં વાર્તાનો સરસ અંત સર્જાય છે.

ઘણા સર્જકોની વાર્તાની શરૂઆત બે વ્યક્તિના સંવાદથી થતી હોય છે. એ રીતે ‘કણકી’ની વાર્તામાં પણ ઘણી વાર્તાની શરૂઆત સંવાદથી થાય છે. એમાં ‘ફેસબૂક પર’, ‘સાથ’, ‘ઇતર’, ‘સખ્ય’, ‘રાહત’, ‘છાયા’, ‘જિદ્દી’, ‘માત્રા’, ‘સમજદારી’, ‘સામનો’, ‘ઇટ્સ ક્વચિત્’, ‘વિશેષણ’, ‘ગણિત’, ‘વેર’, ‘લેખક’, ‘રિકવેસ્ટ’, ‘જીવન-મૃત્યુ’ અને ‘હજુપણ’નો સમાવેશ થાય છે. આ સંગ્રહમાં કેટલીક વાર્તાઓ તો એવી છે, જે શરૂ થતાં થતાં તો પૂરી થઈ જાય છે ને છતાં વાર્તાની સંવેદનાની અનુભૂતિ થાય છે. એમાંપણ ‘શ્રદ્ધા’, ‘ગણિત’ તો ચારથી પાંચ લાઇનમાં પૂર્ણ થઈ જાય છે ને હૃદયને ઘેરા ઘાવ કરી જાય છે. જેનું એક ઉદાહરણ

““પણ મંજુ, તું શૌક્યને ઘરમાં રાખીશ?”
“બેન આ શબદ ત્યારે કનડતો જ્યારે ઈ હતા. હવે ઈ જ નથી ત્યારે... હશે... બિચારી જુવાન બાઈ ક્યાં ભટકશે. પડી રહેશે ઝૂંપડીમાં કોક ખૂણે.” ચંદાબહેન આ અભણ સ્ત્રીના ગણિતને સમજવા મથી રહ્યા. એમને પેલી કહેવત યાદ આવી ગઈ. “સ્ત્રી જ સ્ત્રીની...”“ ( ‘ગણિત’ પૃ. ૬૨)

સર્જક પાસે પાત્રોની સીમિતતા સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. દાંપત્યજીવનને કેન્દ્રમાં રાખી અનેક વાર્તાઓ મળે છે. જેમાં અનૈતિક સંબંધ અને દાંપત્યજીવનની કડવાશની વાર્તાઓ વિશેષ ફૂલીફળી છે. સાંપ્રત સમયમાં જીવન એવું બની ગયું છે કે દાંપત્યજીવનમાં ઘણી અડચણોનો સામનો કરવો પડે છે. એક મુખ્ય કારણ છે, સ્ત્રી પ્રેમની ભૂખી છે. જે પ્રેમ જોઈએ છે, તે ઘરે ન મળે તો સ્વભાવિક છે તે બહાર જવાની અને બહાર જવા માટેનું કામ સોશિયલ મીડિયાએ ખૂબ સરળ બનાવી દીધું છે. આ સમસ્યા ‘ફેસબૂક પર’માંથી પસાર થતાં અનુભવાય છે. આ વાર્તાના સર્જક પણ સ્ત્રી હોવાથી કશું ઊહાપોહ જેવું રહેતું નથી પણ આ વાર્તાની નાયિકા અંતે જે જવાબ આપે છે, તે જવાબ કોઈ પુરુષ આપે તો શું ઘટના બને! એ વિચાર માગી લે છે.

સ્ત્રીની ઘર, ઓફિસ કે સાસરિયું હોય, બધે એક જ સરખી પરિસ્થિતિ રહી છે. તેની વાતને જુદા-જુદા ત્રણ બનાવો આધારિત ‘ખુલાસો’માં કરી છે. જ્યારે સેક્સ એ માનસિક વૃત્તિ છેની વાતને રોબોટનો સંદર્ભ લઈ ‘માયા’માં ટાંકી છે. જીવનમાં ઘણી વસ્તુ એવી હોય છે, જે લોકોના કહેવા છતાં

છોડવા માગતા નથી. સૌ જાણતા હોય કે એ વસ્તુ સાથે જીવનની કંઇ ઘટના સંકળાયેલી છે! તો પ્રશ્ન જ નથી. પણ નથી જાણતા ત્યારે એને ન દૂર કરવાથી જીવનમાં ભૂકંપ આવે છે. આ વાતને ૨૦૦૧ના વાસ્તવિક ભૂકંપની ઘટના સાથે જોડી ‘ટેબલ’ નામની વાર્તા મળે છે. અન્ય વાર્તા કરતા થોડી વધારે લાંબી છે પણ એમાં ધ્યાન આપવા કરતા એનું વર્ણન જકડી રાખે છે. એ જોવું રહ્યું.

‘ઉંબરો’ રહસ્યાત્મક વાર્તા જ ગણવી યોગ્ય લાગે છે. આ વાર્તામાં જે વળાંકો આવે છે, તે હૃદયને સ્પર્શી જાય છે. સ્ત્રીના અનૈતિક સંબંધ વિશેની વાર્તામાં ‘ઇતર’ વધારે ધ્યાન ખેંચે છે. મોટાભાગની ગુજરાતી વાર્તામાં અંત ચોટદાર જ હોય છે અને આ વાતને ‘કણકી’ની વાર્તાઓ પણ અનુસરે છે. ‘અવઢવ’ જેવી વાર્તામાં વાર્તાની નિરાશાથી વિશેષ કશું નથી. તો ‘ધૂળ’માં ધૂળ નકામી જિંદગીનું પ્રતીક બનીને આવે છે. તો ‘માયા’ અને ‘સખ્ય’ની શરૂઆત એકસરખા પાત્ર અને એક સરખા વિષયથી થાય છે. ‘સખ્ય’માં બે દાંપત્યજીવનને એક સાથે રજૂ કર્યા છે, એક સુખી અને એક શંકાનાં ભોગે દુઃખી.

‘ઘણું જીવો’માં માછલીને સ્ત્રીના પ્રતીક તરીકે ઉપયોગમાં લઇ વાર્તાને સરસ ઓપ આપ્યો છે. પ્રાણીઓને પાત્ર બનાવી માનવીની વાસ્તવિકતાને પણ ખૂબ સારી રીતે બયા કરી શકાય છેની સમજ આપણને ‘ખુન્નસ’માંથી મળે છે. ‘રાહત’માં અંત સુધી રહસ્યાત્મકતા છે. જે વાર્તાને વાર્તા બનાવે છે. ઘણી વાર્તાઓ બોધ આપતી વાર્તા જ રહે છે. જેમ કે, ‘સમજણ’. છુટાછેડા એ સંબંધનો અંતિમ નિર્ણય ન હોઈ શકે. સંબંધ બનતા વર્ષો લાગે છે પણ છુટા પડવામાં થોડી ક્ષણ. અને લગ્ન જીવનનો અંત ન લાવવા ઈચ્છતા હો છતાં સ્ત્રીની વાટ જોઈને બેઠેલા ગીધો સંબંધનો અંત લાવવા મથતા હોય છે. આ વાતને યથાર્થ રીતે ‘સંબંધ’ વાર્તામાં રજૂ કરવામાં આવી છે.

માણસના જીવનના બે પહેલું હોય છે. એક સ્વતંત્ર અને બીજું પરતંત્ર. આ બંનેની આંટીઘૂંટીમાં સ્ત્રી હોય કે પુરુષ અટવાતો રહે છે. જે મળ્યું છે એનાથી વિમુખ થઈ અન્યની પાછળ એ સમય અને સમજણ બગાડી વિકૃત થતો હોય છે. આ વિકૃતિ દરેક પુરુષમાં વિશેષ હોય છે ને સ્ત્રી એનો ભોગ બનતી હોય છેની વાત ‘છાયા’માં જોવા મળે છે. તો ‘ટીસ’માં નાની એવી વાતથી કેટલું મોટું સ્વરૂપ ધારણ થાય છે! તે જાણી શકાય છે. સ્ત્રી સ્વતંત્ર બની એટલે એને હવે બધું જ પસંદ કરવાનો અધિકાર છે, પતિ પણ. ઘણીવાર સ્ત્રી એવા પુરુષને પસંદ કરતી હોય છે, જે એના પિતાને યોગ્ય જણાતો નથી છતાં લગ્ન કરે ને બધાં સાથે સંબંધો પૂરા કરે. એ પૂરા કર્યા પછી ક્યારેય કોઈની યાદ નથી આવતી પણ પિતા મૃત્યુ પામ્યા અને લાગણીથી વશ થઈ તેની પાસે જવાની ઈચ્છા નથી પણ પિતાએ બોલેલા વેણ “આપણું જે કંઈ છે બંનેને સરખે ભાગે વહેંચી દેશું” (પૃ.૪૨)ને કારણે દોરાઈને જવું છેની વાત ‘સરખે ભાગે’માં જોવા મળે છે. આ વાર્તાનો અંત સાંપ્રત સમયમાં બનતી ઘટના માટે મનને ઘણું વિચારવા મજબૂત કરી દે છે.

સ્ત્રીને કહેવું છે ઘણું પણ કહી નથી શકતી. સંબંધ સાચવવામાં એ એટલી ગૂંચવાઈ ગઈ છે કે કોઈને ખોટું લાગી જવાની બીકથી સાચું પણ કોઈને જણાવી નથી શકતીની વાત ‘ધાસ્તી’માં સરસ રીતે રજૂ થઈ છે. ‘ઇર્ષ્યા’માં ત્રણ પાત્રની ખૂબ જૂની ગાઢ મિત્રતા અને અંતે એકબીજાની ઇર્ષ્યાનું વર્ણન ખૂબ ઝડપથી વર્ણન પામ્યું છે. આપણે શું થયું! એ વિચારીએ ત્યાં તો વાર્તા પૂરી થઈ જાય ને લાગે હજું સમજવા એકવાર વાંચવી પડશે. વારંવાર સમજવા માટે મથામણ કરાવતી વાર્તા કહી શકાય. ‘કાગવાસ’માં નાયિકાએ પોતાની મંજૂરી વગર પણ પતિને સહન કર્યો હશેની વાત અંતે કાગડાનું પાસે આવવું ને નાયિકાને મુખે “‘મૂવો, મર્યા પછીય લખ્ખણ...’” મૂકી આપતા જણાય છે. તો ‘બૈરુ’માં સ્ત્રી શું કરી શકે છે?ની વાત જરા જુદા અંદાજમાં રસોઈના સ્વાદની સાથે સાંકળી રજૂ કરવામાં આવી છે. તો ભૂતકાળને ફરી જીવતો કરવો એટલે ‘મૈત્રી’ વાર્તા.

ગુજરાતી સાહિત્યમાં **કૌતુ**કપ્રિય વર્ણન કરવામાં કોઈ સર્જક બાકી રહ્યો હોય, તેવું જાણવામાં આવતું નથી. ‘મોરપીંછ’માં સર્જકે દિવસે કાળી ભાભીને જોઈને જે દિયરને ઉબકા આવે છે, તેનો જ શ્વાસ-ઉચ્છવાસ રાત્રે હસ્તમૈથુન જેવી ક્રિયા કરાવે છે, તો એક દિવસ રાત્રે ટેબલ પર ચઢીને પાટેશનની પેલી બાજુ ભાઈ-ભાભીના શારીરિક સંબંધને જુએ છે. ત્યારે તેને કાળું છે કે ધોળું! મતલબ નથી રહેતોની ઘટના દર્શાવી છે. થોડી વધારે અશ્લીલ જણાતી આ વાર્તા ભલે વાસ્તવિક હોય પણ મારા જેવા ભારતીય સંસ્કૃતિના માણસને યોગ્ય જણાતી નથી.

‘વેર’નું વિષયવસ્તુ સાવ નવું અને અટપટું જણાય છે. જેમાં વૃદ્ધ અવસ્થાએ પહોંચેલા ભૂતકાળના પ્રેમી સાથેની ફેસબૂક પર વાત ને ત્યારે એને ફેસબૂકના માધ્યમથી ખબર પડે કે એનું પણ સંતાન છે. આ વાત જરા સમજની બહાર નીકળી જાય છે. જીવનમાં એકવાર કરેલી ભૂલ કેટલી નડે

છેની વાત 'ચહેરો'માં જોઈ શકાય છે. વ્યસન માણસનું હસતું-ખીલતું ઘર બરબાદ કરી શકે છેનો આછડતો પરિચય કરાવતી 'પ્રયાસ' વાર્તા મળે છે. 'રિક્વેસ્ટ'માં પુરુષના થતા મન પરિવર્તનની વાત કરવામાં આવી છે. જ્યારે 'મૃગજળ' પુરુષ શંકાને કારણે પોતે જ પોતાના પગ પર કુહાડી મારે છે અને અંતે પોતે રચેલા મૃગજળથી પોતે જ પસ્તાવો કરે છેની વાત જોવા મળે છે. તો 'ઈ મૈત્રી'માં માત્ર પુરુષ જ અન્ય સ્ત્રી તરફ નથી ઢળતો, સ્ત્રી પણ ઈચ્છે છે કે એને પણ અન્ય પુરુષ સાથે મિત્રતા થાય. સમય પ્રમાણે વાર્તાના વિષયમાં પણ કેવું પરિવર્તન આવી શકે છે! તે આ વાર્તામાં જોઈ શકાય છે. માતા-પિતાના સંબંધમાં કડવાશ આવે એમાં સંતાનો પ્રેમ વિહોણા રહી જતા હોય છે. એવી જ એક વાર્તા 'પહેલ'. વાર્તાની પટકથાની શરૂઆત દીકરી કોઈ વ્યક્તિને ૩ વર્ષથી ફોલો કરે છે ને તેને પસંદ કરવા લાગી છેથી થાય છે. એ વ્યક્તિ કોણ છે વાતને વાર્તાના અંત સુધી રહસ્યાત્મક રાખી છે અને અંત આવતા જણાય છે કે એ એના પિતા છે. મૂળ તો દાંપત્યજીવનમાં કડવાશ આવવાના કારણે ઘર છોડી જતા રહ્યા હતા. દીકરીને પોતાના પિતા પ્રત્યે હવે પ્રેમ જાગે છે ને એ અંતે એને મેસેજ કરવાની પહેલ કરે છે. જે વાર્તાના શીર્ષકને સાર્થક બનાવે છે.

માણસ પરિસ્થિતિને એટલો આધીન થઈ જાય છે કે એને પછી પોતાનામાં અને પશુમાં કશો ફરક જણાતો નથીની વાત 'મનિયો'માં જોવા મળે છે. તો વળી એનાથી જરાં જુદી વસ્તુ 'ચોખાનો કટ્ટો'માં વર્ણન પામી છે. ભૂખ શુંનું શું કરાવે! ગરીબ મુસ્લિમ માટે તો ચોખાનો કટ્ટો જ મહત્વનો છે, ભલેને પછી કાફિરનું કત્લ કરવું પડે કે લોકોને બહાદુરી બતાવવા ખુદની પ્રિય વ્યક્તિનું લોહી વહાવવું પડે. આ વાત દ્વારા રમખાણ અને ગરીબીનું વર્ણન એક સાથે આ વાર્તામાં થયેલું જોઈ શકાય છે. તો ગરીબી ગમે તેવા વ્યક્તિને લાચાર કરી દે છે. આ વાતને 'તરસ'માં વણી લેવામાં આવી છે.

ઘણી તરસો એવી હોય છે, જેને છીપાવી શકાતી નથી. અને આ પ્રકારની તરસ ઘણીવાર સંબંધો ભુલાવી દે છે. આ તરસમાંથી છટકી ફરી ભાઈ-ભાઈના સંબંધ તરફ પાછા વળવાની વાત 'સોસ'માં જોવા મળે છે. થોડી લાલચ માટે દેશ મૂકવો યોગ્ય નથીની વાર્તા 'સમજદારી' પણ સ્પર્શી જાય છે. 'સામનો'માં પુરુષ જાતિની નાની હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય દરેક તરફ એની જોવાની દૃષ્ટિ એક જ રહેવાની. ઘણીવાર આને કારણે નાની છોકરીઓ પણ ભોગ બનતી હોય છે. માણસ જાતને જે રોજિંદુ છે એની વાત કરવામાં પણ સંકોચ અને શરમનો અનુભવ થાય છે અને એમાં પણ સૌની સામે ગેસ થાય ને એનો અવાજ આવે તો હાસ્યનું પાત્ર બની જવાનો ડર 'સંકોચ' વાર્તામાં જોવા મળે છે. આવા ટૂચકાવો કે આપણા જીવનમાં બનેલી આ પ્રકારની ઘટનાઓને સર્જકે વાર્તાનું રૂપ આપ્યું છે. તો 'પેલે પાર' જેવી વાર્તામાં એના ગયા પછી પ્રેમ કેટલો અને કેવો ઘાતક બની શકેનું નિરૂપણ જોવા મળે છે.

'અડિંગો'માં પિતા વગર માતાની એકલતાનો અનુભવ દીકરી(કિસલય) અને નાનાને થાય છે. દીકરીને માતાની એકલતા દૂર કરવી છે અને એના માટે એની માતાના મિત્ર તુષારને ફોન લગાવી એની માતા સાથે લગ્ન કરવા મનાવે છે અને પરિવારના સૌ લોકોને પણ મનાવી લેવાની બાહેધરી આપે છે. આ વાર્તામાં કિસલયની આવડત અને કુશળતા જણાય છે. સાથે આધુનિક સમયમાં કેવી ઘટનાઓને કેવી રીતે પાર પાડી શકાય ને વૈધવ્ય આવ્યાં પછી માતા કે વિધુર થયા પછી પિતા માટે યોગ્ય વ્યક્તિ મળી રહે તો સંતાને મદદ થવાની વૃત્તિ કેળવવી જોઈએની વાત જરા જુદી રીતે વ્યક્ત કરી છે. તો ગુજરાતના ગાલીબ એવા 'મરીઝ' પોતાની ગઝલો વહેંચતા. એ વાત સૌ જાણે છે અને આ જ વિષયને કેન્દ્રમાં રાખી ગઝલને બદલે વાર્તા વહેંચવાની વાત 'આસ્થા'માં કરેલી જણાય છે. જ્યારે 'નાજુકાઈ' વાર્તા વાર્તાની નાજુકાઈ-અંત આવતા રહસ્યાત્મક બની જાય છે.

વારંવાર રિજેક્ટ થયા પછીની ઘટના એટલે કે વર્તમાન અને ફ્લેશબેકની રચનારીતિથી લખાયેલી વાર્તા એટલે 'ડેટ વિથ જેની'. માણસ ગમે તેવા સારા વર્તમાનમાં જીવતો હોય પણ ભૂતકાળને વિસરી શકતો નથી. પણ એ ભૂતકાળને ભૂલી વર્તમાનમાં જીવવું એ જ વાસ્તવિકતા અને આનંદ છે. જ્યારે 'બળતરા' વાર્તાની શરૂઆત રહસ્યાત્મક રીતે થાય છે ને અંત આવતા બરફની લાદની પીડા સાથે મડદાના ધગધગતા હૃદયની વેદના વર્ણવી છે. નિર્જીવતામાં સજીવતા આલેખી સર્જકે વાર્તાને થોડી લાંબી વાર્તાનું સ્વરૂપ આપ્યું છે.

માણસ એકવાર નક્કી કરે કે મરવું જ છે, તો મરીને જ રહે છે! પણ બની શકે કે મૃત્યની ક્ષણોમાં અચાનક કોઈ આવીને જીવાડી પણ દે. આ જ વાતને કેન્દ્રમાં રાખી મૂંગી-બહેરી છોકરીની વાત કરતી વાર્તા એટલે 'મહત્વ'. તો અધૂરા રહેલા પ્રેમની વાર્તા 'મધુરા' રચનારીતિની દૃષ્ટિએ ધ્યાન ખેંચે છે. જ્યારે 'પીડા' વાર્તામાં ફરજ મુક્ત થયેલા સૈનિકની હૃદયદ્રાવક વેદના વર્ણવાય છે. સૈનિક દેશ

માટે લડે, ઘાયલ થાય, દુશ્મન દેશના હાથમાં આવતા યાતના ભોગવે, વિજયી બને પણ ખુદના ઘરમાં કે બહાર સૈનિકો સાથે આપણો વ્યવહાર અશોભનીય જ રહ્યો છે. એ વાતને સર્જક અહીં સુપેરે પ્રગટાવી શક્યા છે.

માતા-પિતા સંતાન માટે પોતાની જિંદગી ખર્ચી નાખે છે ને બધું થાળે પડે ત્યારે વિચારે કે 'હવે આરામથી જીવશું' પણ એવું તો ક્યાં ભાગ્યમાં હોય છે! જે વાતને 'સમય' વાર્તામાં વણી લીધી છે. તો ઈશ્વરમાં શ્રદ્ધા છે તો પછી આભડછેટ શેની! આપણે ગમે એટલી દેશની પ્રગતિની વાત કરીએ પણ આક્રાંતાઓ જે ચડો પેસારી ગયા છે, તે કાઢવો સાંપ્રત સમયમાં પણ મુશ્કેલ છે. સંઘના સો વર્ષ પૂર્ણ થયા એના પાંચ પ્રકલ્પમાં સામાજિક સમરસતા પણ છે. એ મથી રહ્યા છે હિન્દુમાંથી આ દુષણ દૂર થાય. આ દુષણની વાત કરતી વાર્તા એટલે 'શ્રદ્ધા'. જ્યારે 'પરેડ'માં થોડી ક્ષણના મોજ-શોખ માટે આપણે કરેલી આપણી ભૂલ જિંદગીભર પસ્તાવો કરાવે છે. એ વાત જોવા મળે છે.

'કણકી'ની મોટાભાગની વાર્તાનો અંત દુઃખદ જણાય છે પણ 'હુકમ' વાર્તાની શરૂઆતમાં હુકમ અને ઘરના મોવડીનું પરિવારના સભ્યોને દાબમાં રાખવાના વર્ણનથી થાય છે પણ અંતે એ ખુશીનો હુકમ હતોની વાત વાર્તાને સુખાંત બનાવે છે. 'ગુસ્સો'માં ગાંધીજીના પિટ્સબર્ગ સ્ટેશન પરના અપમાન અને અંગ્રેજોને દેશ છોડાવવાની ઘટનાને સરસ રીતે રજૂ કરાય છે. સાંપ્રત સમયની આધુનિક નારી હવે કામ કરતી થઈ છે. એની પાસે કમાવા ઉપરાંત સંતાનની જવાબદારી પણ રહેલી છે. જેની એકમાત્ર વાર્તા 'ચિંતા' મળી આવે છે. 'સાથ' જેવી વાર્તા સર્જક ધારે તો ટૂંકી કરી શકત પણ એ ન કરતાં નિરર્થક લાંબુ લખાણ થોડું ખટકી આવે છે. સંવેદના ભરપૂર છે પણ એ સંવેદનાને વધારે સમજાવવા જતા સર્જક થાપ ખાઈ જતા જોવા મળે છે.

વિષયવૈવિધ્યની વાત કરીએ તો સાંપ્રત સમયના મોટાભાગના વિષયો આવરી લીધા છે. 'કણકી'ની મોટાભાગની વાર્તાઓ ત્રીજા પુરુષમાં કહેવાયેલી છે. 'દાવો' વાર્તાની શરૂઆત પીઠ ઝબકારથી થાય છે ને અંત આવતા વર્તમાનમાં આવી ભાઈ-બહેનના સંબંધમાં ખટાશની વાતથી ઊભી રહે છે. પ્રેમ ત્રિકોણ એ વાર્તાનું કંઈ નવું આલેખન નથી. આપણે ત્યાં આવી અનેક વાર્તા મળે છે. એવી જ વાર્તા 'જિદ્દી' પણ છે. પણ અહીં બે બહેનો એક નવલકથાના પાત્ર તરીકે આવી, નવલકથાના નાયકને ચાહે છે. જેનું વર્ણન વાસ્તવિક જીવનને આધારે થયેલું જણાય છે. જે વિષયવસ્તુ નવું જણાય છે. શરૂઆતમાં નવલકથાની વાત છે જ્યારે અંતે વાર્તામાંથી પાત્ર કાઢવાની વાત આવે છે. ત્યાં વિષયાંતર થયું જણાય છે.

૭૨ માઈક્રોફિકશન વાર્તામાંથી પસાર થતા એવું કહી શકાય કે આ ઝડપી યુગમાં માઈક્રોફિકશન વાર્તાનું ઊજળું ભવિષ્ય છે. વાર્તા ટૂંકી હોવાથી વાંચવામાં સમય ઓછો લાગે છે ને અન્ય સાહિત્ય જેમ આનંદ, લાગણી પણ સરસ રીતે રજૂ કરી જાય છે. આવકારમાં સંદીપ ભાટિયાએ સાચું જ કહ્યું છે કે, "માઈક્રોફિકશન ટૂંકી વાર્તાની ટ્વેન્ટી ટ્વેન્ટી મેચ છે." (પૃ. ૬) આ ટૂંકીવાર્તાની ટ્વેન્ટી ટ્વેન્ટી મેચ રાજુલબેન ખૂબ સારી રીતે રમ્યાં છે. આપણે રાજુલબેનને ગઝલકાર, લલિત નિબંધકાર અને કોલમ લખનાર તરીકે જ ઓળખતાં હતાં, હવે એમને માઇક્રોફિકશન વાર્તાકાર તરીકે પણ ઓળખશું એવી આશા બંધાય છે.

સંદર્ભગ્રંથ :
ભાનુશાલી રાજુલ : 'કણકી', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : નવેમ્બર, ૨૦૨૩

ડૉ. અમિતકુમાર રામજીભાઇ ગામી
આસિસ્ટન્ટ પ્રોફેસર,
ગુજરાતી ભાષા ભવન, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ
સંપર્ક : ૯૪૨૬૦ ૨૩૦૮૨